# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: અશરફ નથવાણી

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ:14-04-2024 રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## લોકસભા ચૂંટણી પ્રચાર

લોકસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટેનો પ્રચાર જોરશોરથી ચાલુ છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ પોતપોતાના ઉમેદવારો માટે દેશના વિવિધ ભાગમાં રેલીઓ, રોડ-શો વગેરે દ્વારા પ્રચાર કરી રહ્યા છે.

પહેલા તબક્કામાં 17 રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાં 102 લોકસભા બેઠકો માટે મતદાન થશે, તે ઉપરાંત સિક્કીમમાં વિધાનસભાની 32 બેઠકો અને અરૂણાચલ પ્રદેશની 60 વિધાનસભા બેઠકો માટે 19મી એપ્રિલે મતદાન થશે.

**અશરફ નથવાણી**

---

## ગુજરાત લોકસભા ચૂંટણી

ગુજરાતમાં લોકસભાની વિવિધ બેઠકો ઉપર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો 15, 16 અને 18મી એપ્રિલે ઉમેદવારીપત્રો ભરશે.

દરમ્યાન, કોંગ્રેસે ગુજરાતમાં બાકી નાં ચાર લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામો જાહેર કર્યા છે. રાજકોટ ની બેઠક પર કેન્દ્રીય મંત્રી પરષોતમ રૂપાલા સામે કોંગ્રેસે પરેશ ધાનાણીને જંગમાં ઉતાર્યા છે તો નવસારી માં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ નો સામનો કોંગ્રેસ ના નૈષધ દેસાઈ કરશે.

**અશરફ નથવાણી**

---

## પ્રધાનમંત્રી – ઓનલાઈન ગેમર્સ મુલાકાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભુજના તીર્થ મહેતા સહિત દેશના સાત ઓનલાઈન ગેમર્સ નમન માથુર, અનિમેશ અગ્રવાલ, નિધિલેશ પાટણકર, પાયલ ધારે, અંશુ બિસ્ટ, ગણેશ ગંગાધર સાથે મુલાકાત કરી હતી.

ભુજના તીર્થે 2018માં એશિયન ગેમ્સમાં ઈ-સ્પોર્ટસમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા એક્સ  પર તેનું એક ટીઝર શેર કર્યું હતું. આ અંગે તીર્થે જણાવ્યું કે બેઠકમાં ગેમિંગ, ઈ-સ્પોર્ટસ, ડેવલપમેન્ટ પર ચર્ચા કરવામાં આવી હતી.

(બાઈટ : ત્તીર્થ મહેતા  )

**અશરફ નથવાણી**

---

## ડો. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતી

બંધારણના ઘડવૈયા ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની આજે 133 મી જન્મજયંતી મનાવવામાં આવી રહી છે. જિલ્લામથક ભુજ સહિત સમગ્ર કચ્છમાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાઓને પુષ્પાંજલિ સહિત અનેક કાર્યક્રમો યોજાશે. ભુજમાં વિશાળ શોભાયાત્રાનું આયોજન કરાયું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડો. ભીમરાવ આંબેડકરની જયંતિની નિમિત્તે લોકોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે લોકોને ડો. આંબેડકરના આદર્શોને અપનાવીને દેશના સર્વાંગી વિકાસમાં સાથે મળીને કામ કરવાનો અનુરોધ કર્યો છે.

**અશરફ નથવાણી**

---

## હવામાન

ગુજરાતમાં ફરી એકવાર ગરમીનો પ્રકોપ વધવા જઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સને કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના જિલ્લાઓ પર જે ચક્રવાતી દબાણ હતું, તે આગળ વધીને રાજસ્થાન અને ઉત્તર ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે.

હવામાન વિભાગના અહેવાલ અનુસાર 15 એપ્રિલથી 18 એપ્રિલ વચ્ચે ફરી ગરમીનું પ્રમાણ વધશે. સંભવત: કેટલાક ભાગોમાં ઑરેન્જ અલર્ટની સ્થિતિ પણ રહી શકે છે. ગઇકાલે કચ્છના કેટલાક ભાગોમાં વરસાદ વરસ્યો હતો.

જિલ્લાના લોડાઈ, ખેંગારપર, મોખાણા, નાડાપા, રતનાલમાં પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં આજે પણ વરસાદની આગાહી કરવામાં આવી છે.

**અશરફ નથવાણી**

---

## નૌકાદળ

નૌકાદળના વડા આર. હરિકુમાર આજે ગોવામાં નૌકાદળના એક સમારંભમાં રાષ્ટ્રપતિ તરફથી શૌર્ય અને વિશિષ્ટ સેવા પુરસ્કાર એનાયત કરશે. નૌકાદળના આઇએનએસ હંસા પર યોજવામાં આવનારા આ સમારંભમાં ઉચ્ચ કોટીના નેતૃત્વ, વીરતા, વ્યાવસાયિક નિપૂણતા અને વિશિષ્ટ સેવા પ્રદાન કરનારા નૌકાદળના કર્મચારીઓનું સન્માન કરવામાં આવશે.

**અશરફ નથવાણી**

---

## કલા દિવસ કાર્યશાળા

**15 એપ્રિલે વિશ્વ કલા દિવસના અવસરે કચ્છ ક્રાફ્ટ એન્ડ ફાઈન આર્ટસ પ્રોડક્ટસ દ્વારા એક દિવસીય નિ:શુલ્ક કલા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ખાતે તા. 15/4ના સાંજે ચારથી સાત વાગ્યા દરમ્યાન યોજાનારી આ કાર્યશાળામાં બે કેટેગરી 10થી 18 વર્ષ અને 18 વર્ષથી ઉપરના વયજૂથના કલારસિકો જોડાઈ શકશે. આ કાર્યશાળામાં જાણીતા ચિત્રકાર નવીન સોની વિવિધ સત્રોમાં ચિત્રકળાનાં અલગ-અલગ પાસાં, સર્જનાત્મકતા સહિતની ઊંડાણપૂર્વકની સમજ આપશે.**

**અશરફ નથવાણી**

---

## ક્રિકેટ IPL -2024 : GT - RR

આઈ.પી.એલ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ગઈકાલે રાજસ્થાન રોયલ્સ ટીમે પંજાબ કિંગ્સ ને 3 વિકેટ થી પરાસ્ત કરી મહત્વ ની મેચ જીતી લીધી હતી. આજે કોલકાતા નાઈટ રાઈડર્સનો મુકાબલો લખનૌ સુપર જાયન્ટ્સ સાથે થશે. જ્યારે મુંબઈ ઇન્ડિયન્સ ની ટીમ ચેન્નઇ સુપર કિંગ્સ સામે મેદાને ઉતરશે.

**અશરફ નથવાણી**

---